# ભાવિનાને ભલે સિલ્વર પણ તે મારા માટે સોનાનો મેડલ છે : ભાવિનાના પિતા

ગાંધીનગર, તા. ૨૯ જાપાનની રાજધાની ટોક્યોમાં ચાલી રહેલી




પેરાલિમ્પિક્સમાં ભારતની ભાવિના પટેલે ઈતિહાસ રચ્યો છે. ટોક્યો પેરાલિમ્પિક્સમાં ટેબલ ટેનિસ વીમેન્સ સિંગલ્સ ક્લાસના ગોલ્ડ મેડલ માટે ભારતના ભાવિના પટેલ અને ચીનના ઝોઈ ચિંગ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં ચીનના ખેલાડી સામે ભાવિના પટેલની હાર થઈ. જો કે ભાવિના પટેલ આ મેચ ભલે હારી હોય, પણ ભારતને સિલ્વર મેડલ પ્રથમવાર અપાવ્યો છે. ત્યારે ભાવિના પટેલના ગામમાં ખુશીનો માહોલ છવાયો છે. તેમના માતા-પિતા તથા સ્નેહીઓએ મીઠાઈ ખવડાવીને ભાવિનાની આ ખુશીને સેલિબ્રેટ કરી રહ્યાં છે. આજે નેશનલ સ્પોર્ટ્સ ડે પર ગુજરાતની દીકરીએ ગુજરાતને ગૌરવ અપાવ્યુ છે. જે બદલ પી.એમ.ના માદરે વતનની દીકરીને ટ્વીટ કરીને અભિનંદન આપ્યા છે. જ્યારે પિતાએ ગોલ્ડ મેડલ મળ્યાની ખુશી વ્યક્ત કરી હતી.

ગામમાં ખુશી...ગામ

આખું દિવાળીના માહોલમાં... કેમ કે ગામની દીકરી આજે દેશનું શુકન સંભાળીને ગામ સૂંઢિયાનું નામ રોશન કર્યુ છે. ગામમાં અબીલ ગુલાલ ઉડાડીને ડીજેના તાલે ગરબા રમીને ભાવિના પટેલના ગામમાં ખુશી ઉજવાઈ રહી છે. સાથે જ સિલ્વર મેડલની જાહેરાત થતા ગામમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ભાવિનાના માતાએ કહ્યું કે અમારી દીકરી સિલ્વર મેડલ આવ્યો તેનો ગર્વ છે. તે આવશે એટલે તેનુ ભવ્ય સ્વાગત કરીશુ. વરઘોડો કાઢીશું. મીઠાઈઓ વહેંચીશુ તેમ નિરંજનાબહેન પટેલની માતા અને હસમુખભાઈ પટેલ પિતાએ જણાવ્યુ હતુ. તો સૂંઢિયાની દીકરીએ પોતાના સપના સાકાર કરીને બતાવ્યા છે. તેને આ મુકામ સુધી પહોંચવા ખૂબ મહેનત કરી છે. તેની પાસેથી શીખવા જેવુ છે કે સપનુ પુરૂ કરવા માટે તેણે જે કર્યુ તે શીખવા જેવુ છે. તો ભાવિનાના પિતાએ કહ્યું કે મારી દીકરી ગોલ્ડ ભલે ન લાવી, પણ સિલ્વર લાવી એ જ મોટી સફળતા છે. તેણે દેશનુ નામ તો રોશન કર્યુ છે, પણ દુનિયાભરમાં ભારતનુ નામ ચમકાવ્યુ છે. તેનુ અમે ભવ્ય સ્વાગત કરીશુ જ્યારે પી.એમ. નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કરીને અભિનંદન આપ્યા હતા અને ભાવિના પટેલ ગ્રામજન નીલમ પટેલ ગ્રામજને ખુશી વ્યક્ત કરી હતી. ટોક્યો પેરઓલિમ્પિકમાં ગુજ્જુ ખેલાડીનો દબદબો છવાયો છે. ગુજરાતની ભાવિના પટેલે ઈતિહાસ રચ્યો છે. ટોક્યો પેરાલમ્પિકમાં ભાવિના પટેલે સિલ્વર મેડલ મેળવ્યો છે. ભાવિના પટેલ મૂળ વડનગર તાલુકાના સૂંઢિયા ગામની વતની છે. ત્યારે સવારથી જ સૂંઢિયા ગામમાં ઉત્સવ જેવો માહોલ હતો. ગામમાં મોટી સ્ક્રીન લગાવીને ભાવિનાની મેચ જોવાનુ આયોજન કરાયુ હતુ. આખુ ગામ સવારથી જ આ સ્ક્રીન સામે તાકીને બેસી રહ્યુ હતુ. સવારથી જ લોકો ગરબા રમીને ગુજરાતના આ ગૌરવને વધારી રહ્યા છે.





ભાવિના પટેલ મૂળ વડનગર તાલુકાના સુંઢિયા ગામની વતની છે અને હાલ ભાવિના પટેલ ઈએસઆઈસીની અમદાવાદ ઓફિસમાં મહેસૂલ વસૂલી સેલમાં આસિસ્ટન્ટ હેડ ક્લાર્ક તરીકે કાર્યરત છે. ભાવિના પટેલે સરકારની મેરીટોરિયસ સ્પોર્ટ્સ પર્સન યોજના હેઠળ નોકરી મેળવી હતી. મહેસાણા જિલ્લાના સૂંઢિયા ખાતે કટલરીની દુકાન ચલાવતા હસમુખભાઈ પટેલની દીકરી ભાવિના પટેલને બાળપણથી જ ટેબલ ટેનિસની રમતમાં રસ હતો અને બાળવયે જ લકવાના કારણે બંને પગ ગુમાવતાં ભાવિના પટેલે દિવ્યાંગ મહિલાઓની આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભાવિના હવે ડબલમાં પણ રંગ લાવશે તેવા એંધાણના પગલે પરિવાર હજુ આશાવાદ સેવી રહ્યા છે.




# ૧૮૦૦૦ સરાક બંધુઓ એક સાથે કરશે પર્યુષણની આરાધના

બંગાળ-ઝારખંડના ૫૨૫ ગામમાં વસતા સરાક બંધુઓના ગોત્ર દેવ આદિનાથ પ્રભુ આદિ તીર્થકરો છે. પરમાત્માના ચુસ્ત ગણાતા આ શ્રાવકો સાધુ ભગવંતોના સંપર્કના અભાવે પોતાની સાચી ઓળખ ભુલી ગયા, જો કે આ સરાક શબ્દ તેઓના પ્રાચીન અને ભવ્ય ઈતિહાસને તાજો રાખતો જ રહ્યો છે.

શ્રાવક શબ્દમાંથી ઉતરી આવેલો આ સરાક શબ્દ ઈતિહાસકારોને આકર્ષણનું કેન્દ્ર બન્યો. પરદેશી વિદ્વાનો ગેટે, મિસ્ટર એલ.એસ.એસ., કર્નલ ડાલટન, વૈલેન ટાઈન વોલ, મિસ્ટર જી. કુપ્લેનડ, મિસ્ટર હરબર્ટ રીસલે આદિએ તો આ સરાક ભાઈઓ શ્રાવક છે, તેના અનેક પ્રમાણો આપીને અનેક ઐતિહાસિક લેખો લખીને પ્રથમવાર અપ્રસિદ્ધ ઈતિહાસને સુપ્રસિદ્ધ કર્યો છે.

ત્યારબાદ હરીપ્રસાદ અને નરસિંહ તિવારી જેવા ભારતીય લેખકોએ પણ વણખેડાયેલા આ ઈતિહાસના ઘણા અપ્રગટ રહસ્યોને ખોલીને જૈન ધર્મની મહાનતા પ્રસ્થાપિત કરી હતી.

જૈનો પણ આ ઈતિહાસથી પરિચિત થયા. સર્વપ્રથમ આચાર્ય ભગવંત ધર્મસૂરીશ્વરજી મહારાજા (કાશીવાલ)ના સમુદાયના ન્યાયદર્શનમાં નિષ્ણાંત મુનિ મંગળવિજયજી મહારાજાએ પ્રચંડ પુરૂષાર્થ કરી સરાકબંધુઓને જૈન ધર્માધિભિમુખ કર્યા. ત્યારબાદ અનેક મહાત્માઓએ પણ જૈનત્વની જ્યોતિના પ્રગટીકરણના આ પ્રયાસમાં પોતાનું યોગદાન



આપ્યુ હતું.

ઈ.સ. ૨૦૦૯ માં કલિકુંડ તીર્થોદ્વારક આચાર્ય ભગવંત રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી બંગાળ, ઝારખંડ આદિ પ્રદેશમાં રહેલા સરાકબંધુઓ માટે 'સરાક ઉત્કર્ષ અભિયાન'નો પ્રારંભ થયો. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત રાજ શેખર સૂરીશ્વરજી મહારાજાના સાનિધ્યમાં અને કુમારપાળભાઈ વી. શાહ, કલ્પેશભાઈ વી. શાહના માર્ગદર્શન હેઠળ રાજ્યપરિવાર દ્વારા આ સાધર્મિકોના ઉત્થાનના કાર્યને ખુબ વેગ મળ્યો. આચાર્ય ભગવંત રાજપરમ સૂરીશ્વરજી મહારાજાએ પણ આ પ્રદેશમાં ૩ વર્ષ વિચરણ કરી સરાક ભાઈઓને જૈનત્વના રંગે રંગી દીધા.

ચાલુ વર્ષે સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સમેતશિખરજી તીર્થટ્રસ્ટ તથા રાજપરિવારની વિનંતીથી શ્રમણી ગણનાયક આચાર્ય ભગવંત અભયશેખર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યો મુનિ ક્ષમાશેખર વિ.મ. તથા મુનિ હેમશેખર વિ.મ. આદિ આ સરાક ઉત્કર્ષના કાર્ય માટે ૨૦૦૦ કિ.મી.નો વિહાર કરી શિખરજી પધાર્યા અને અનેક વિધ કાર્યોનો શુભારંભ થયો છે.

સરાકક્ષેત્રના ૫૦ ગામમાં ૩૦૦૦ પરિવારના ૧૮૦૦૦ સરાકબંધુઓ પર્યુષણની આરાધાનમાં જોડાય તે હેતુથી રાજપરિવાર અને સમકિત ગ્રુપ દ્વારા પર્યુષણનું આયોજન કરાયુ. ૩૦૦ જેટલા આરાધના કરાવનારાઓ મુંબઈ-અમદાવાદ-સુરત આદીક્ષેત્રથી પધારશે.

પર્યુષણનો સમસ્ત લાભ સમકિત ગ્રુપે લીધો, ૧૮૦૦૦ સરાક બંધુઓમાં પર્યુષણની આરાધના દ્વારા જૈનત્વ દૃઢ થાય માટે ૧૮,૦૦૦ રક્ષા પોટલીને મુંબઈ, સુરત તથા અમદાવાદ સ્થિત આચાર્ય ભગવંત આધિ દ્વારા અભિમંત્રિત કરવામાં આવી છે.




**વિડીયોકોલથી અભિનંદન....**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પેરાઓલમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલ સાથે વિડીયો કોલના માધ્યમથી વાત કરી દેશ માટે મેડલ જીતી લાવવા બદવ અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના હેઠળ રૂપિયા ત્રણ કરોડની પ્રોત્સાહક રાશિ જાહેર કર્યાની વાત કરી ભાવિના પટેલને આગામી પેરા ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ લાવવા અને સ્પોર્ટ્સ ક્ષેત્રે તેણીની કારકિર્દીને આગામી દિવસોમાં આ શ્રેષ્ઠ કોચિંગ મેળવી વધુ ઊંચાઈ ઉપર લઈ જવાની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાવિના પટેલના માતા-પિતા સાથે પણ વિડીયો કોલના માધ્યમથી વાત કરી તેઓને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત સરકાર દ્વારા પાલનપુર પાલિકાને સફાઈ માટે આપેલા સાધનો ધુળખાય છે

## કેટલાક સાધનો ખોટવાયેલા પડ્યા છે : કેટલાક સાધનો ડોર ટુ ડોર કચરા કલેક્સનની એજન્સિએ બગાડીને પરત આપ્યા

પાલનપુર

સ્વચ્છ ભારત મિશન,અર્બન-ગુજરાત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ-વિભાગ ગુજરાત સરકાર ડોર ટુ ડોર કલેક્શન વાન પાલનપુર નગરપાલિકાને શહેરની સફાઈ માટે ફાળવવામાં આવેલી નવ વાન પૈકીની મોટા ભાગની વાનો બંધ હાલતમાં ધૂળ ખાઈ રહી છે.જેથી પાલિકા દ્વારા રીપેરીંગના નાણાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની જુની એજન્સી પાસેથી વસુલવાના હોવાથી હાલ સાધનો શોભાના ગાંઠીયા સમાન પડેલા છે.

પાલનપુર ભાજપ શાશિત નગરપાલિકાનો વહીવટ દિન પ્રતિદીન કથળી રહ્યો છે.અને ખુદ ભાજપના નગરસેવકોમાં અંદરોઅંદર ટાંટીયાખેચ નીતિના કારણે શહેરનો વિકાસ રૂંધાંઈ રહ્યો છે.પાલનપુર નગરપાલિકાની ગતટર્મમાં સરકાર દ્વારા પાલનપુર શહેરને સ્વચ્છ રાખવા માટે નવ વાન આપવામાં આવી હતી.જેનું સંચાલન પાલનપુર પાલિકા દ્વારા કરવામાં આવતુ હતુ.જેથી પાલનપુર શહેરમાં ૧ થી ૧૧ વોર્ડમાં ડોર ટુ કચરા કચરા કલેક્શન શરૂ કરવામાં આવ્યુ હતુ.જેથી પાલિકા દ્વારા આ સાધનો કચરા કલેક્શન એજન્સિને વાપરવા માટે આપ્યા હતા.જેથી કોન્ટ્રાક્ટ ચાલ્યો ત્યાં સુધી એજન્સીએ સાધનો વાપરવા આપવામાં આવ્યા હતા.અને તેનો કોન્ટ્રાક્ટ પુરો થઈ જતા બગડેલા તેમજ ચાલુ વાહનો પાલિકાને સોપવામાં આવતા અત્યારે હમીરબાગ સંપ ઉપર તેમજ નગરપાલિકામાં ધુળ ખાઈ રહ્યા છે.તો પાલિકા દ્વારા તમામ સાધનોના નાણાં કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ કરી શહેરની સફાઈ માટે કાર્યરત કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.



# પાલનપુર નગરપાલિકાની ૫૮,૪૯૨ મિલકત ધારકો પાસેથી ૮.૩૧ કરોડની વેરા વસુલાત કરાઈ

પાલનપુર શહેરના ૧ થી ૧૧ વોર્ડમાં આવેલ રહેણાંક તેમજ બિન રહેણાંક મિલ્કત ધારકો પાસેથી ચાલુ વર્ષે રૂ.૮.૩૧ કરોડની વસુલાત કરવામાં આવી છે.જેમાં બાકીદારો દ્વારા સમય મર્યાદામાં વેરો ભરપાઈ કરવામાં નહી આવે તેમની પાસેથી દિવસના ૧૦ ટકા લેખે દંડ સાથે વસુલાત કરવામાં આવશે. પાલનપુર નગરપાલિકાના ૧ થી ૧૧ વોર્ડમાં રહેણાંક મિલ્કતો ૩૭,૧૧૩ અને બિન રહેણાંક મિલ્કતો ૨૧૩૫૯ કુલ મળી કુલ મિલ્કતો ૫૮,૪૯૨ મિલ્કતો આવેલી છે.



યુનાઈટેડ નેશન દ્વારા ન્યુકલીયર ટેસ્ટ વિરોધી ડે ની તા.૨૯ ઓગસ્ટના રોજ ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની સૌ પ્રથમ ઉજવણી કઝાકીસ્તાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારે પાટનગરમાં આવેલ કોન્સ્યુલેટ કચેરીમાં કઝાકીસ્તાનના ૩૦ માં સ્વાતંત્ર દિવસ નિમિતે ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાભરની રાધે ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧૧ સાયન્સની છાત્રા પર ચાલુ વર્ગખંડમાં છેડતી

ભાભરની રાધે ઈન્ટરનેશનલ શિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા ધો ૧૧ સાયન્સમાં ભણતી છાત્રાની છેડતી કરી તેનો વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપતી ફરીયાદ ભાભર પોલીસ મથકે નોંધાતા હડકંપ મચી ગયો છે. વિદ્યાર્થીઓ અને અધમ શિક્ષક સહિત પોલીસે પાંચ સામે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ભાભરમાં આવેલી રાધે ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણતી ૧૫ વર્ષીય છાત્રા ૨૮ જૂને સવારે સ્કૂલમાં અભ્યાસ અર્થે ગઈ હતી. જ્યાં ક્લાસરૂમમાં પ્રદિપ અને કિર્તી તથા અન્ય બે મળી કુલ ચાર જણા બેઠા હતા. સ્કૂલના ગણિત વિષયના શિક્ષક નવીન દરજીએ ગણિત વિષય ભણાવવાનું શરૂ કર્યું હતું તે સમયે છાત્રા એકલી બેન્ચ પર બેઠી હતી ત્યારે તેની પાછળ બેઠેલા બે વિધાર્થીઓએ પાસે આવી હાથ પકડી રાખ્યા અને શિક્ષક નવીનભાઈ દરજી એ મોઢે દુપટ્ટાનો ડુચો માર્યો હતો અને કિર્તી નામના છોકરાએ સગીરાનો પહેરેલ ડ્રેસનો કોલર પકડી ફાડી નાખ્યો અને પ્રદિપ નામના છોકરાએ વીડિયો ઉતારી લીધો હતો. ત્યારબાદ શિક્ષક નવીનભાઈ દરજી એ આ વાત કોઈને કહીશ તો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ચારેય રૂમની બહાર નીકળી ગયા હતા. સગીરા થોડા સમય પછી સ્કૂલથી છૂટી લાગી આવતાં તેના સંબંધીના ઘરે અમદાવાદ જતી રહી હતી. આ બાબતે સગીરા ગૂમ થઈ હોવાની ફરીયાદ ભાભર પોલીસ મથકે નોંધાઈ હતી.

## ઈનામની જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, 'ટોક્યો પેરાઓલિમ્પિકમાં પહેલો સિલ્વર મેડલ નેશનલ સ્પોર્ટ્સ ડેનાં દિવસે સમગ્ર રાષ્ટ્રને ભેટ આપવા બદલ આપણા ગુજરાતની દિકરી ભાવિના પટેલને હૃદયપૂર્વક અભિનંદન. દરેક ગુજરાતી અને ભારતીયને ભાવિના પર ગર્વ છે. ભાવિનાની ઐતિહાસિક સિદ્ધિ અસંખ્ય ખેલાડીઓને પ્રેરણા આપશે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભાવિના પટેલને અભિનંદન પાઠવી ટ્વિટર પર લખ્યું, ભાવિના પટેલે ઈતિહાસ સર્જ્યો છે, તેમનું જીવન પ્રેરણાદાયક છે અને વધારે ખેલાડીઓને રમત તરફ ખેંચશે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પણ ભાવિના પટેલને અભિનંદન પાઠવતાં ટ્વિટર પર લખ્યું, 'તમે દેશને ગૌરવ અપાવ્યું છે. ભાવિના પટેલના પિતા હસમુખભાઈ પટેલે સમાચાર સંસ્થા એએનઆઈને જણાવ્યું હતું, 'તેણે અમારું ગૌરવ વધાર્યું છે. અમે એમનું ભવ્ય સ્વાગત કરીશું. આ પહેલાં પણ ભાવિના પટેલના પિતા હસમુખભાઈ પટેલે સમાચાર એજનસી એએનઆઈ સાથે વાત કરતાં કહ્યું, હું આજે બહુ જ ખુશ છું. ભાવિના છેલ્લાં ૨૦ વર્ષથી ટેબલ ટેનિસ રમી રહી છે, આ એનું જ પરિણામ છે. મહત્ત્વનું છે કે, આ ઐકિહાસિક જીત બાદ ભાવિના પટેલનાં વતન મહેસાણામાં ઉત્સાહનો માહોલ છવાયો છે. પરિવાર અને ગામજનોએ એકબીજાને મીઠાઈ ખવડાવી અને ગરબા રમીને ઉજવણી કરી છે.

## ફરી હુમલો થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમુક સભ્યો આ હુમલામાં મૃત્યુ પામ્યા છે. તાલિબાને હુમલાની નિંદા કરી હતી. તાલિબાનની દલીલ હતી કે, આ વિસ્તારની સુરક્ષાની જવાબદારી અમેરિકાન સેનાના હાથમાં હતી. આ આત્મઘાતી હુમલામાં મોતનો આંકડો ૧૭૦ પર પહોંચ્યો છે.

## તંત્રની આગેકૂચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ જંગલમાં સત્પતિ, પેન્ટો, નીલગીરી, ગુલમહોર, સરગવો, તાસીરો અને લીમડા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ મિયાવાંકી જંગલો મનરેગા અંતર્ગત તૈયાર કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને હરિયાળો બનાવવા સાથે સાથે ગાંધીનગર શહેરને પણ હરિયાળુ બનાવવા માટે વન વિભાગે અલગથી આયોજન કર્યુ છે. જિલ્લામાં આ વખતે વન મહોત્સવને લઈ ૧૮ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## નવી સવાર ● પાના ૪થાનું ચાલુ...

ટેકનોલોજીના ખાં. તેમણે ધનંજયભાઈને ભલામણ કરી કે, ઈલેક્ટ્રોનિક્સ ઉપરાંત તમે બીજા વિષયો જેવા કે એરો મોડેલિંગ, હાઈડ્રોપોનિક, એક્સ્ટ્રોનોમી જેવા વિષયોનો પણ હોબી સેન્ટરમાં સમાવેશ કરો. સમાવેશ થયો અને મોટો જનસમૂહ દોડતો દોડતો અંકુર હોબી સેન્ટરમાં આવ્યો.

૨૧મી સદી સાયન્સ અને ટેકનોલોજીની સદી હતી અને છે. તેના પ્રારંભે એન્જિનિયરો બહાર આવવા લાગ્યા. એન્જિનિયરો પાસે ડિગ્રી હતી, પણ જ્ઞાન નહોતું. વિજ્ઞાનના પાયાના સિધ્ધાંતોનું નોલેજ ના હોય તેવા હજારો એન્જિનિયરો હતા. અંકુર હોબી સેન્ટરે એ કમી પૂરી કરી. હોબી સેન્ટર બેઝિક સાયન્સ તરફ વળ્યું. હોબી સેન્ટરે લોકોને પ્રયોગો દ્વારા વિજ્ઞાન શીખવવાનું ચાલુ કર્યુ. સ્વતંત્રતા પછી વિજ્ઞાનના પુસ્તકોમાં જે પધ્ધતિથી શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રયોગો શીખવતા તેના બદલે નવી શૈલીથી વિજ્ઞાનના પ્રયોગો રજૂ કર્યા. આ પ્રયોગો ખૂબ જાણીતા થયા.

૨૦૦૫માં અમદાવાદમાં, તત્કાલિન રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામની સમક્ષ ધનંજયભાઈને પોતાના પ્રયોગો રજૂ કરવાની તક મળી. કલામ સાહેબ આ પ્રયોગો અને તેને રજૂ કરવાની સાદી અને અસરકારક રીત જોઈને ખૂબ જ રાજી થયા. પ્રભાવિત પણ થયા. તેમણે ધનંજયભાઈને ભારતની જુદી જુદી આઈ.આઈ.ટી. (આઈ.ટી.આઈ. નહીં હો, આઈ.આઈ.ટી. The Indian Institutes of Technology) માં આ બધા પ્રયોગો માટે મોકલી આપ્યા. કેવી મોટી અને ગૌરવની વાત કહેવાય ! ગુજરાતના એક યુવાનને ભારતના રાષ્ટ્રપતિએ ભારતની ટોચની ટેકનોલોજીની સંસ્થાઓમાં, ટેકનોલોજી કેવી રીતે ભણાવવી જોઈએ તેની રીત બતાવવા માટે મોકલી આપ્યા.

ધનંજયભાઈના જીવનમાં આ કદાચ સૌથી મોટી સંતોષ, ગૌરવ અને યાદગાર ઘટના હતી.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન કિરણકુમાર, પ્રોફેસર યશપાલ, એચ.સી. વર્મા, સુરેશ અગ્રવાલ, ડો. જે.જે. રાવલ જેવા વિજ્ઞાનના પારંગતોએ આ પ્રયોગો જોયા અને વખાણ્યા છે. અરે, મહાન જાદુગર કે.લાલે પણ આ પ્રયોગો માણ્યા હતા. અનેક પુરસ્કાર અને એવોર્ડ મળ્યા જેમાં ભારત સરકાર, મિનિસ્ટ્રી ઓફ ઈન્ડસ્ટ્રીઝ તરફથી ૨૦૧૪ અને ૨૦૧૫નો ઈનોવેશન એવોર્ડ મુખ્ય છે.

ધનંજયભાઈ એટલે એક અજાયબ વ્યક્તિ. સાયન્સની ટોચની સૈધ્ધાંતિક બાબતો પણ જાણે અને તેને કઈ રીતે, સરળતાથી લોકાભિમુખ કરવી તે કસબ પણ સમજે. આવી સજ્જતા અને આવડત ખૂબ જ જૂજ વ્યક્તિઓમાં હોય છે. ધનંજયભાઈમાં કુદરતી રીતે એ શક્તિ જોવા મળે છે.

ખગોળશાસ્ત્રમાં પણ તેમણે ઊંડું ખેડાણ કર્યુ. ધનંજયભાઈની વિશેષતા એ છે કે તેઓ કોઈ પણ અઘરા લાગતા વિષયને સરળ કરી શકે છે. ખગોળશાસ્ત્રમાં તો તેમણે એવું અદ્ભુત કાર્ય કર્યુ કે, આજે ગુજરાતના મોટાભાગના ગામોમાં એસ્ટ્રોનોમિ ક્લબ છે.

તેમણે અમદાવાદના મિલ કામદારો માટે તેમણે કરેલું કામ ક્યારેય ભૂલાય તેવું નથી. અમદાવાદની મિલો બંધ થઈ ત્યારે કામદારોની રોજગારીનો પ્રશ્ન આવ્યો. અંકુર હોબી સેન્ટરે બંધ મિલોના કામદારોને ઈલેક્ટ્રોનિક શીખવાડીને રોજગારી આપી. હજારો કામદારોને રોજગારી મળી અને તેમના પરિવારો નભી ગયા. વર્લ્ડ બેંક માટે આ એક તપાસનો વિષય હતો. તેમની આખી ટીમ આ વિષયની તપાસ કરવા અને સમજવા આવી હતી.

ધનંજયભાઈ જબરજસ્ત પ્રયોગશીલ માણસ છે. તેઓ બાળકોમાં સાયન્સ અને ટેકનોલોજીની ભાવના વિકસે તે માટે સતત કામ કરતા રહ્યા છે. એ તેમના રસનો વિષય છે. તેમના હાથ નીચે અને હૃદય સાથે (અને મગજના સાનિધ્યમાં) હજારો બાળકો તૈયાર થયાં છે. ધનંજયભાઈએ કરેલા પ્રયોગો, અખતરાઓ, ઉપક્રમોનો કોઈ પાર નથી. જિંદગીની દરેક ક્ષણ તેમણે ટેકનોલોજીને આપી છે. શિક્ષણમાં સાયન્સ અને ટેકનોલોજી કેટલાં હોવાં જોઈએ અને તે કેવી રીતે ભણાવવા જોઈએ તેના તેઓ માસ્તર છે. એ તેમનો મનગમતો પ્રદેશ છે. તેમાં તેમણે ખૂબ કામ કર્યુ છે અને સફળ પણ થયા છે. તેમણે અમદાવાદમાં દસથી વધુ સ્માર્ટ શાળાઓ બનાવી આપી છે. આજના ડિજિટલ યુગના બાળકને ગમે તેવી શાળા. ડગલે ને પગલે ટેકનોલોજીનો ઉપયોગ થયો હોય તેવી શાળા.

ધનંજયભાઈ વિશ્વના અનેક દેશોમાં પ્રવાસ કરી આવ્યા છે. અનેક દેશોમાં તેમણે સાયન્સ અને ટેકનોલોજી પર પ્રવચનો પણ આપ્યાં છે. અનેક પુસ્તકો લખ્યાં છે. સાયન્સની વિશ્વની, નાસા સહિતની ટોચની સંસ્થાઓમાં તેઓ વ્યાખ્યાનો આપી આવ્યા છે. ભારતનાં પણ મોટાભાગનાં રાજ્યોમાં તેઓ જઈ આવ્યા છે.

ધનંજયભાઈ આનંદ અને ગૌરવ સાથે કહે છે કે, અનોખી રીતે દેશની સેવા અમે કરી શક્યા છીએ અને હજી કરી રહ્યા છીએ તેનો અમને અખંડ આનંદ છે.

ધનંજયભાઈના આ શબ્દોમાં સામાજિક પ્રતિબધ્ધતા ઝળકે છે.

તેમનાં જીવનસાથી હેમલતાબહેન ગુજરાતનાં જાણીતાં પાકશાસ્ત્રી છે. હવે તો તેમનો દીકરો અદ્વૈત, તેમની સાથે જોડાઈ ગયો છે અને ખભેખભો મિલાવીને સુંદર કામ કરી રહ્યો છે. તેમની દીકરી હેલી ઉચ્ચ અભ્યાસ કરી રહી છે.

ધનંજયભાઈ પાસે જે સજ્જતા છે, ટેકનોલોજીનું જ્ઞાન છે તેનો ગુજરાતે ભરપૂર ઉપયોગ કરવાની જરુર છે. હજી તેમની પાસે ઘણાં વર્ષો છે. ગુજરાત રાજ્યે ધનંજયભાઈનો મહત્તમ ઉપયોગ કરીને તેમનો તમામ રસ અને કસ કાઢી લેવો જોઈએ. નવી પેઢી ડિજિટલ પેઢી છે. હજી તો નવાં નવાં, જેની કલ્પના પણ નથી થઈ શકતી તેવાં ઉપકરણો આવવાનાં છે ત્યારે એનો ઉપયોગ કરવા માટે નવી પેઢી કેવી રીતે સજ્જ થાય તેની જવાબદારી ધનંજયભાઈ જેવા સજ્જ અને પ્રતિબધ્ધ વ્યક્તિને સોંપી દેવી જોઈએ.

ભગવાન ધનંજય રાવલને નિરામય દીર્ઘાયુ આપે જેથી તેઓ ગુજરાત અને ભારતના વિદ્યાર્થીઓમાં તેમનો સંપર્ક નં. ૯૮૯૮૧ ૨૧૨૮૯

**છાંયડો :**

બાળકોને ટેકનોલોજીની વિઘાતક અસરથી બચાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે: તેમને ટેકનોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ શીખવવો.